કુ. સી. એલ. મહેતા, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત, અમદાવાદ.
રેફરન્સ (ટી) નં.૧૯૮/૨૦૦૬.

આંક–૧૮.

**પ્રથમ પક્ષકાર :–**

**૧.** ગુજરાત સ્ટીલ ડીસ્ટ્રીબ્યુટર્સ,
સરખેજ ધોળકા રોડ, ફતેહવાડી,
સરખેજ, અમદાવાદ.

**૨.** જે. એન. મશીનરી,
C/o. ગુજરાત સ્ટીલ ડીસ્ટ્રીબ્યુટર્સ,
સરખેજ ધોળકા રોડ, ફતેહવાડી,
સરખેજ, અમદાવાદ.

**: વિ રૂ ધ્ધ :**

**બીજા પક્ષકાર :–**

**૧.** શ્રી મુકેશભાઈ મૂળજીભાઈ મકવાણા,
રહે. ચામુંડાનગર, સરખેજ–ધોળકા રોડ, ફતેહવાડી,
સરખેજ, અમદાવાદ.
C/o. અખિલ ગુજરાત જનરલ મઝદૂર સંઘ,
બીજો માળ, અરબ ચેમ્બર્સ, પેટ્રોલ પમ્પની સામે,
પત્થરકૂવા, રીલીફ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧.

**વિષય** : ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૧૦(૧) સી હેઠળ ન્યાયનિર્ણય બાબત.

પ્રથમ પક્ષકાર તરફે : .......
બીજા પક્ષકાર તરફે : વિધ્વાન વકીલ શ્રી વી. કે. કાઝી.

**: એ વો ર્ડ :**

**–––––––**

ઉપરોકત પક્ષકારો વચ્ચે નીચે અનુસૂચિમાં જણાવેલ ઔદ્યોગિક વિવાદ નાયબ શ્રમ આયુકતશ્રી અમદાવાદનાએ તેમના તા.૩૦/૧૨/૨૦૦૫ થી શ્રમ અદાલત

અમદાવાદને હુકમ નં.કેએચ/ એસએચએમસી આર/ ક/ અને આઈડીઆર/ ર૭પ/ ૦પ થી ન્યાયનિર્ણય અર્થે સુપ્રત કરેલ છે.

**: અ નુ સૂ ચિ :**

''શ્રી મુકેશભાઈ મૂળજીભાઈ મકવાણાને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પૂરા પગાર સાથે મૂળ જગાએ નોકરીમાં પુન: સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

**૧.** આ કામમાં પક્ષકારોને પ્રથમ સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલી છે, જે બજે આ કામે રેકર્ડ ઉપર છે.

**ર.** આ કામે આંક–પ થી બીજા પક્ષકાર તરફે માંગણાનું નિવેદન રજૂ થયેલું છે અને તેમાં જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં પાંચવર્ષથી કટીંગ ખાતામાં મશીન ઓપરેટર તરીકે રૂા.ર,૦૦૦/– ના પગારથી તેઓની ફરજો બજાવતા હતા અને સંસ્થા તરફથી માસિક પગાર સિવાય કોઈપણ હકકો, લાભો ન આપતા યુનિયનમાં જોડાઈને કાયદેસરના હકકોની માંગણી કરતા કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા વગર મૌખિક હુકમથી તા.૩૧/૮/ર૦૦પ ના રોજથી છૂટા કરી દીધેલા છે. છૂટા કર્યા પછી બીજે નોકરી મેળવવા માટે ઘણાં પ્રયત્ન કર્યા છતાં કામે રાખેલ નથી અને તેઓ બેકાર છે અને સંસ્થા ઘ્વારા તેઓને કાયદેસરની પ્રક્રિયા કર્યા વગર છૂટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવીને છૂટા કર્યા તારીખથી પડેલા દિવસોના પગાર સાથે મૂળ જગ્યાએ પુન: સ્થાપિત કરે તેવો સંસ્થાને હુકમ કરવા માટે વિનંતી કરેલ છે.

આંક–૬ ના દસ્તાવેજી લિસ્ટથી બીજા પક્ષકાર તરફે એક દસ્તાવેજ રજૂ કરેલ છે જેમાં નિ.૬/૧ પ્રથમ પક્ષકાર સંસ્થાને માંગણાનું નિવેદન

મોકલ્યાની અસલ રસીદ રજૂ કરેલ છે.

૩. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૭ થી તેઓનો લેખિત જવાબ રજૂ કરીને બીજા પક્ષકારના માંગણાનાં નિવેદનના પેરા (૧ થી ૪) માં જણાવેલી વિગતો સાચી નથી અને તેનો ઈન્કાર કરે છે તેવું જણાવેલ છે અને વધુમાં પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરીએ છીએ તેવું જણાવીને જણાવેલ છે કે બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે માલિક અને કામદારનો સબંધ નથી જેથી આ મુદ્દા ઉપર જ રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં જણાવેલ છે કે વિઝાગ સ્ટીલના કન્સાઈમેન્ટના કિલયરીંગ તથા ફોરવર્ડીંગનું કામકાજ કરે છે, જે કામ તેઓ કોન્ટ્રાકટર ધ્વારા કોન્ટ્રાકટથી કરાવે છે, બીજા પક્ષકારે કદાચ કોન્ટ્રાકટના અંકૂશ અને સંચાલન હેઠળ કદાચ કામ કરેલ હોય તો તેની માહિતી તેમને નથી, સંસ્થાને મળેલ માહિતી મુજબ બીજા પક્ષકાર અન્ય ત્રાહિત સંસ્થા જે. એન. મશીનરી વર્કસ સરખેજ ધોળકા રોડ સરખેજમાં કામ કરતા હતા, આમ બીજા પક્ષકારનો રેફરન્સ સંસ્થા સામે ચાલી શકે તેમ ના હોય અને બીજા પક્ષકારે માંગણાનાં નિવેદનના પેરા (૫) હેઠળ જે દાદ મેળવવા માંગે છે તેવી કોઈ દાદ મેળવવા હકકદાર થતા ના હોય બીજા પક્ષકારનો રેફરન્સ ખર્ચ સાથે રદ કરવા માટે વિનંતી કરેલ છે.

૪. આ કામે આંક–૮ થી બીજા પક્ષકાર ધ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨ તરીકે જે.એન.મશીનરીને દાખલ કરવા માટેની અરજી મજૂર કમિશ્નરશ્રી સમક્ષ રાખેલી જે મંજૂર થયેલ તે અંગેનો પત્ર રજૂ છે. ત્યારબાદ બીજા પક્ષકાર ધ્વારા આંક–૧૦ થી માંગણાનું નિવેદન રજૂ કરેલું છે અને આંક–૧૧ ના દસ્તાવેજી લિસ્ટથી સંસ્થા નં.૧ અને નં.૨ ને માંગણાનું નિવેદન મોકલેલું તે અંગેના દસ્તાવેજો રજૂ કરેલ છે, જેમાં સંસ્થા નં.૧ ને બજે અને સંસ્થા નં.૨ ને રીફયુઝના શેરા સાથે પરત આવેલ છે. ત્યારબાદ બીજા પક્ષકારની આંક–૧૨

ની અરજીને આધારે પ્રથમ પક્ષકારનો જવાબનો હકક મારા અગાઉના વિધ્વાન ન્યાયાધીશશ્રી ધ્વારા બંધ કરવામાં આવેલો છે. કેસનું રેકર્ડ ધ્યાને લેતાં બીજા પક્ષકાર હાજર ના હોય તેમના પૂરાવાનો હકક, સંસ્થાના પૂરાવાનો હકક અને બંને પક્ષકારોનો દલીલોનો હકક બંધ કરીને આ કામ હુકમ ઉપર મુકરર કરવામાં આવેલું છે.

**પ.** આ કામે પક્ષકારોના પક્ષ નિવેદનો બીજા પક્ષકારો તરફે રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી પૂરાવાઓ તથા સમગ્ર કેસનું રેકોર્ડ ધ્યાને લેતાં મારા ન્યાયનિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

.૧. શું બીજા પક્ષકાર કામદાર પુરવાર કરે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા તેઓને તા.૩૧/૭/૨૦૦૫ ના રોજથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે મૌખિક હુકમથી છૂટા કરી દીધેલ છે ?

.૨. શું બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે રેફરન્સની અનુસૂચિમાં માંગ્યા મુજબની દાદ મેળવવા માટે હકકદાર થાય છે કે કેમ ?

.૩. આખરી શો હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોવાથી તેનો નિર્ણય એકસાથે કરવામાં આવે છે.

આ કામે બીજા પક્ષકારે તેઓના માંગણાનાં નિવેદન રજૂ કરેલ છે, ત્યારબાદ આ કામે સંસ્થા નં.૨ તરીકે જે. એન. મશીનરીને દાખલ કર્યા બાદ આંક–૧૦ થી તેઓનું માંગણાનું નિવેદન રજૂ કરેલું છે, ત્યારબાદ સંસ્થાના જવાબનો હકક બંધ કરાવેલ છે, જે તા.૧૮/૧/૨૦૦૮ ના રોજ બંધ કરાવેલ છે, ત્યારબાદ ઘણાં સમય સુધી હાજર ન રહેતાં આગળ ઉપર જણાવ્યું તે પ્રમાણે તમામ સ્ટેજો બંને પક્ષકારોના બંધ કરવામાં આવેલા છે.

**૭.** કેસનું રેકર્ડ ધ્યાને લેતા સદરહું કેસ સને'૨૦૦૬ નો રેફરન્સ કેસ છે, આગળ ઉપર જણાવ્યું તે પ્રમાણે બીજા પક્ષકાર તરફથી માંગણાનું નિવેદન રજૂ કર્યા બાદ તેઓ હાજર રહેલ નથી અને કામ ચલાવવા માટે પ્રયત્ન કરેલ નથી, આ સંજોગોમાં બીજા પક્ષકારને આ કેસ ચલાવવામાં રસ હોય તેમ જણાતુ નથી.

સદર કેસ એ રેફરન્સ કેસ છે અને આ અંગે અત્રેની અદાલતના ધ્યાનમાં **સને–૨૦૦૪(૨) જી.એલ.આર.પાનાનં.૧૪૭૫ નામદાર ગુજરાત હાઈકોર્ટ મોહંતીદાસ વિ. એમ.જી.મેમણના** કેસમા નામદાર એપેક્ષ કોર્ટે ઠરાવેલ છે કે નામદાર લેબર કોર્ટ કામદારની ગેરહાજરીમાં કેસ રદ કરી શકે નહિ, પરંતુ જો બંને પક્ષકારો હાજર ન થાય તો રેકર્ડ ઉપર જે પૂરાવો ઉપલબ્ધ હોય તેને આધારે અદાલતે નિર્ણય ઉપર આવવું જોઈએ. બીજા પક્ષકારે આ કામે માંગણાનાં નિવેદનમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં પાંચવર્ષથી કટીંગ ખાતામાં મશીન ઓપરેટર તરીકે માસિક રૂા.૨,૦૦૦/– ના પગારથી કામ કરતા હોવાનું જણાવીને કાયદેસરના હકકોની માંગણી કરતા સંસ્થા ધ્વારા કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા વગર મૌખિક હુકમથી તા.૩૧/૭/૨૦૦૫ ના રોથી છૂટા કર્યાનું જણાવે છે. બીજા પક્ષકારે આ અંગે મૌખિક પૂરાવો આપેલ નથી, જેથી બીજા પક્ષકારની ગેરહાજરી અને પૂરાવાના અભાવે તેઓ માંગણાનાં નિવેદનમાં જે દાદ માંગેલ છે તે દાદ મેળવવા માટે હકકદાર થતા નથી અને આથી બીજા પક્ષકારની ગેરહાજરી અને પૂરાવાના અભાવે આ રેફરન્સ કેસ રદ કર્યા સિવાય કોઈ વિકલ્પ જણાતો નથી.

આમ, ઉપરોકત કરેલ તમામ ચર્ચા અને અવલોકનને આધારે આ કામે નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

આમ ઉપરોકત કરેલ તમામ ચર્ચા અને અવલોકનના

આધારે મુ.નં.૧ અને મુ.નં.ર નો નિર્ણય નકારમાં આપીને મુ.નં.૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

**: હુ ક મ :**

**૧.** બીજા પક્ષકારનો રેફરન્સ (ટી) ૧૯૮/૨૦૦૬ પૂરાવા તથા ગેરહાજરીના અભાવે નામંજૂર કરવામાં આવે છે.

**ર.** કેસની હકીકતો અને સંજોગો ઘ્યાને લેતાં ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૧૫/ર/ર૦૧૮.

સ્થળ : અમદાવાદ.

(કુ.છાયાબેન લાભશંકર મહેતા)
**Code:GJ00777**
પ્રમુખ અધિકારી,
મજૂર અદાલત નં.૭, અમદાવાદ.

H.M.PRAJAPATI:P.A.